# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૭/૬/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ચેમ્બરમાં 'બિહેવીયરલ ઇકોનોમિકસ એન્ડ મશીન લર્નિંગ' વિશે અવેરનેસ સેશન યોજાયુ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવારે, તા. ૨૭ જૂન, ૨૦૧૯ના રોજ બપોરે ૨:૦૦ કલાકે નાનપુરા સમૃદ્ધિ ખાતે 'બિહેવીયરલ ઇકોનોમિકસ એન્ડ મશીન લર્નિંગ' વિશે અવેરનેસ સેશન યોજાયુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા યુ.એસ.એ.ની હાર્વર્ડ યુનિવર્સિટીના રિસર્ચ ફેલો પ્રોફેસર બેન્જામીન બુશોંગ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એચઆરડી વિભાગના વડા ડો. કિરણ પંડયાએ વકતવ્ય રજૂ કરી માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના એડમિનિસ્ટ્રેશન સેલના વડા શ્રી અતુલ પાઠકે અવેરનેસ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, ચેમ્બર દ્વારા વિવિધ વિષયો ઉપર સેમિનાર અને વર્કશોપ કરીને ઈન્ડસ્ટ્રીમાં અવેરનેસ લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. ચેમ્બરની ઇન્ડસ્ટ્રી ૪.૦ કમિટીના ચેરમેન ડો. કર્નલ પટેલે કાર્યક્રમની રૂપરેખા આપી જણાવ્યુ હતુ કે, ચેમ્બર હંમેશા હેલ્ધી બિઝનેસ ઇકો સિસ્ટમને મેઇન્ટેઇન રાખવાનો પ્રયાસ કરે છે.

વકતા પ્રોફેસર બેન્જામીન બુશોંગે બિહેવીયરલ ઇકોનોમિકસમાં ઇન્ટીમેશન, ડિસીઝન મેકીગ, ઇન્વેસ્ટીગ ન્યુ ટેકનોલોજી, હાલના ખરીદદાર અને તમામ પ્રકારના કન્ઝયુમર તથા મશીન લર્નીગ જેવી પાંચ બાબતોની વિગતવાર સમજણ આપી હતી. તેમણે બિઝનેસમેનોને કહયુ હતુ કે જો તમે બિઝનેસની નાનામાં નાની સમસ્યાને સમજશો અને તેના નિરાકરણ માટે પ્રયાસ કરશો તો ચોકકસ તમારો બિઝનેસ આગળ વધારી શકશો. બિઝનેસ

લીડર તરીકે તમારે નવી ટેકનોલોજી શોધી નાણાંનું રોકાણ કરવુ પડશે. બિઝનેસમાં રિસ્ક પણ લેવો પડશે અને ગ્રાહકો માટે સારામાં સારી પ્રોડકટ ડિઝાઇન કરવી પડશે.

અન્ય વકતા ડો. કિરણ પંડયાએ જણાવ્યુ હતુ કે, બિહેવીયરલ ઇકોનોમિકસના અભ્યાસમાં મનુષ્યની મર્યાદિત તર્કશકિત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. ઇકોનોમિકસ સામાન્ય માનવીથી લઇને રાજકારણીઓ, નોકરિયાતો અને વેપારીઓ સહિતના સમાજના તમામ વર્ગ સાથે સંકળાયેલો વિષય છે તેમ છતાં મોટાભાગના લોકો તેના પ્રત્યે ઉદાસિન જોવા મળે છે. બિહેવીયરલ ઇકોનોમિકસને માનવીના સ્વભાવ સાથે સાંકળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તે માત્ર અર્થશાસ્ત્ર નથી. સોશિયોલોજી, મેથ્સ અને ઇકોનોમિકસનો સમન્વય છે. બિહેવીયરલ ઇકોનોમિકસ એ મેડીસીન, બિઝનેસ, લો અને પોલિટીકસ વિગેરે ઘણા સેકટરમાં કામ લાગે છે. તે હયુમન રિસોર્સ ડિપાર્ટમેન્ટમાં ઘણુ મહત્વનું સાબિત થઇ રહયુ છે.

ચેમ્બરની ઇન્ડસ્ટ્રી ૪.૦ કમિટીના કો – ચેરમેન શ્રી તેજેશ પટેલે સેશનમાં પ્રાસંગિક વિધી કરી હતી. બંને વકતાઓએ ઉપસ્થિત બિઝનેસમેનોના સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. અંતમાં ઇન્ડસ્ટ્રી ૪.૦ કમિટીના કો – ચેરમેન શ્રી જોય શાહે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.